કાશ્મીરમાં સામાજીક પરિવર્તનનના નામે ચાલતું આતંકવાદી નેટવર્ક પકડાયું

કાશ્મીર પોલીસની ગુપ્તચર પાંખે અનેક જિલ્લાઓમાં દરોડા પાડ્યા, ૧૨ની અટકાયત

રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓ માટે પર્યાવરણ મંચો અને મહિલા સશક્તિકરણ મંચોનો પણ દુરુપયોગ કરવામાં આવતો હતો

શ્રીનગર, તા. ૧૬(પીટીઆઈ) જમ્મુ અને કાશ્મીર પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ વિંગે મંગળવારે ખીણમાં અનેક સ્થળોએ વહેલી સવારે દરોડા પાડ્યા હતા અને સામાજિક સક્રિયતાના નામે કાર્યરત રાષ્ટ્રવિરોધી તત્વોના આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સાત જિલ્લાઓમાં આ કાર્યવાહી દરમિયાન, ૧૨ શંકાસ્પદોને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીર (CIK) એ કાશ્મીર ખીણના અનેક જિલ્લાઓમાં સંકલિત દરોડા પાડ્યા હતા, જેમાં સામાજિક પરિવર્તનના અવાજો તરીકે છુપાયેલ આતંકવાદ-સમર્થન ઈકોસિસ્ટમનો પર્દાફાશ થયો હતો, જેનાથી સામાજિક સક્રિયતાના નામે કાર્યરત રાષ્ટ્રવિરોધી તત્વોને નિર્ણાયક ફટકો પડ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે IPC અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની વિવિધ કલમો હેઠળ CIK શ્રીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૨૦૨૩ના કેસના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.

NIA કાયદા હેઠળ નિયુક્ત શ્રીનગરની એક ખાસ અદાલત દ્વારા જારી કરાયેલા સર્ચ વોરંટ દ્વારા યોગ્ય અધિકૃતતા મેળવ્યા પછી આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, એમ અધિકારીઓએ ઉમેર્યું હતું. આ કેસ વિશ્વસનીય ગુપ્ત માહિતી પરથી ઉદભવ્યો છે જે દર્શાવે છે કે જમ્મુ અને કાશ્મીરમાં કેટલાક વ્યક્તિઓ ભારતના સાર્વભૌમત્વ, અખંડિતતા અને સુરક્ષા માટે ગંભીર રીતે હાનિકારક પ્રવૃત્તિઓ કરવા માટે કવર તરીકે માસ મીડિયા, સોશિયલ મીડિયા, માનવ અધિકાર હિમાયત, પર્યાવરણીય કારણો અને મહિલા સશક્તિકરણ સાથે જોડાયેલા પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યા હતા એમ તેમણે જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે, સમજદારીભરી ચકાસણીથી અલગતાવાદી જૂથો અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે તેમના શંકાસ્પદ સંબંધો વધુ બહાર આવ્યા છે.

તપાસમાં એ પણ પ્રકાશમાં આવ્યું છે કે આમાંના કેટલાક વ્યક્તિઓ કથિત રીતે એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન એપ્લિકેશનનો ઉપયોગ કરીને પાકિસ્તાન સ્થિત આતંકવાદી હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતા. તેઓ ખોટા ખયાલો ફેલાવવામાં, આતંકવાદીઓ અને આતંકવાદને મહિમા આપવા, પ્રભાવ હેઠળ આવતા યુવાનોને કટ્ટરપંથી બનાવવા અને જમ્મુ અને કાશ્મીરમાં જાહેર વ્યવસ્થા અને શાંતિને વ્યવસ્થિત રીતે ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં સક્રિયપણે સામેલ હોવાની શંકા છે એમ અધિકારીએ જણાવ્યું હતું.

ભારે પવનથી બ્રાઝિલમાં સ્ટેચ્યુ ઓફ લિબર્ટી તૂટી પડ્યું

ન્યૂયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિમાની રેપ્લિકા બ્રાઝિલના ગુઆઇબા શહેરમાં બનાવાઇ હતી

વાવાઝોડામાં ભારે પવનને કારણે ધ્વસ્ત થઇ ગઇ, ટુકડા થઇ ગયા

ગુઆઈબા, તા. 16: સોમવારે બપોરે બ્રાઝિલના ગુઆઈબા શહેરમાં આવેલા એક ભયંકર વાવાઝોડામાં સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની લગભગ 40 મીટર ઊંચી પ્રતિકૃતિ તૂટી પડી હતી. સ્થાનિક અધિકારીઓ અને આ પ્રતિમાની માલિકી ધરાવતી કંપનીના જણાવ્યા અનુસાર, કોઈ ઈજા થઈ નથી.

દક્ષિણ બ્રાઝિલમાં વાવાઝોડાના કારણે ફાસ્ટ-ફૂડ આઉટલેટ નજીક હવાન રિટેલ મેગાસ્ટોરના કાર પાર્કમાં સ્થાપિત પ્રતિમા તૂટી પડી હતી. ફૂટેજમાં ઊંચી પ્રતિમા પવનના જોરે ઝૂકતી દેખાઈ રહી હતી અને પછી તે તૂટી પડી હતી. પ્રતિમાના ટુકડે-ટુકડા થઈ ગયા હતા.

પ્રતિકૃતિની ઊંચાઈ લગભગ 114 ફૂટ હતી અને તે બ્રાઝિલમાં હવાન સ્ટોર્સની બહાર મૂકવામાં આવેલી ઘણી સમાન રચનાઓમાંની એક હતી. સ્થાનિક અહેવાલો અનુસાર, કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રતિમાનો ફક્ત ઉપરનો ભાગ, જે આશરે 24 મીટર (78 ફૂટ) માપનો હતો, તે તૂટી પડ્યો હતો, જ્યારે 11-મીટર (36 ફૂટ)નું પ્લેટફોર્મ અકબંધ રહ્યું હતું.

હવાને એક નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે, 2020માં સ્ટોર ખુલ્યો ત્યારથી પ્રતિમા ત્યાં જ હતી અને તેની પાસે જરૂરી ટેક્નિકલ પ્રમાણપત્ર હતું. કંપનીએ જણાવ્યું હતું કે, ગ્રાહકો અને સ્ટાફને સુરક્ષિત રાખવા માટે વિસ્તારને તાત્કાલિક ઘેરી લેવામાં આવ્યો હતો અને કલાકોમાં કાટમાળ દૂર કરવા માટે નિષ્ણાત ટીમો મોકલવામાં આવી હતી.

બેંગલુરુ: મહિલા ડિજિટલ અરેસ્ટ સ્કેમનો ભોગ બની, 2.05 કરોડ રૂપિયાથી વધુ ગુમાવ્યા

ઠગોની માગણી પૂરી કરવા મહિલાને મિલકતો વેચવી પડી અને લોન પણ લેવી પડી

બેંગલુરુ, તા. 16 (પીટીઆઈ): પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, 57 વર્ષીય મહિલા કથિત ડિજિટલ અરેસ્ટ કૌભાંડનો શિકાર બની હતી અને કાયદા અમલીકરણ અધિકારીઓ તરીકે ઓળખ આપીને સાયબર ગુનેગારોએ 2.05 કરોડ રૂપિયાથી વધુની ઠગાઈ કરી હતી. 'ડિજિટલ અરેસ્ટ' એ સાયબર છેતરપિંડીનો એક પ્રકાર છે જ્યાં છેતરપિંડી કરનારાઓ ખુદની ઓળખ કાયદા અમલીકરણ અધિકારીઓ તરીકે આપે છે અને ઓડિયો અથવા વીડિયો કોલ દ્વારા લોકોને ધમકી આપે છે અને તેમને ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરવા મજબૂર કરે છે. પોલીસે જણાવ્યું હતું કે, છેતરપિંડી કરનારાઓની માગણીઓ પૂરી કરવા માટે મહિલાને અનેક મિલકતો વેચવા અને બેંક લોન લેવા માટે પણ મજબૂર કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આ ગુનો 19 જૂનથી 27 નવેમ્બરની વચ્ચે થયો હોવાનું કહેવાય છે. ફરિયાદ મુજબ, 19 જૂન, 2025ના રોજ મહિલાને અજાણ્યા નંબર પરથી એક કોલ આવ્યો, જેમાં કોલ કરનાર બ્લુ ડાર્ટ કુરિયર કંપનીમાંથી બોલતો હોવાનું જણાવ્યું હતું. ફોન કરનારે મહિલાને જણાવ્યું કે, તેના આધાર કાર્ડ સાથે કથિત રીતે લિંક કરેલા બેગમાં ડ્રગ્સ છે અને મુંબઈ પોલીસ તેની ધરપકડ કરશે. ત્યાર બાદ ફોન કરનારે તેણીને એક એપ ઈન્સ્ટોલ કરવાની સૂચના આપી અને નિયમિતપણે વીડિયો-કોલ કરવાનું શરૂ કર્યું. એફઆઈઆરમાં જણાવાયું છે કે, પહેલા અઠવાડિયામાં તેઓ વીડિયો અને વોટ્સએપ કોલ દ્વારા સતત તેનું નિરીક્ષણ કરતા હતા.

વડા પ્રધાન મોદી ત્રણ દેશોની યાત્રાના બીજા તબક્કામાં ઇથોપિયા પહોંચ્યા

એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત: વડાપ્રધાન અહેમદ અલી સાથે મંત્રણા કરી

અદીસ અબાબા, તા. 16 (પીટીઆઈ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે, તેઓ વિવિધ ક્ષેત્રોમાં ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે ઇથોપિયન નેતૃત્વ સાથે વાતચીત કરવા આતુર છે. કારણ કે, તેઓ તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત પર આફ્રિકન રાષ્ટ્ર પહોંચ્યા હતા.

એરપોર્ટ પર આગમન સમયે પીએમ મોદીનું તેમના ઇથોપિયન સમકક્ષ અબીય અહેમદ અલીએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે અનોખી રીતે તેમનું સ્વાગત કરાયું હતું.

મોદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''થોડા સમય પહેલા અદીસ અબાબા પહોંચ્યો. વડા પ્રધાન અબીય અહેમદ અલીએ એરપોર્ટ પર મારું સ્વાગત અનોખા અંદાજમાં કરતાં હું સન્માનિત છું. ઇથોપિયા એક મહાન ઇતિહાસ અને જીવંત સંસ્કૃતિ ધરાવતો દેશ છે.''

મોદીએ કહ્યું, ''ભારત અને ઇથોપિયા વચ્ચે ઊંડા સભ્યતાગત સંબંધો છે. વિવિધ ક્ષેત્રોમાં આપણી ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે હું ઇથોપિયન નેતૃત્વ સાથે વાતચીત કરવા આતુર છું.''

પીએમ અલીએ અનૌપચારિક વાતચીત દરમિયાન તેમના ભારતીય સમકક્ષને ઇથોપિયન કોફીની જાતો વિશે માહિતી આપી હતી.

મોદીએ કહ્યું, ''અદીસ અબાબા એરપોર્ટ પર વડા પ્રધાન અબી અહેમદ અલી સાથે પરંપરાગત કોફી સમારોહમાં ભાગ લીધો. આ સમારોહ ઇથોપિયાના સમૃદ્ધ વારસાને સુંદર રીતે ઉજાગર કરે છે.'' ઇથિયોપિયામાં તેમણે બાદમાં પોતાના સમકક્ષ સાથે મંત્રણા યોજી હતી. તેઓ જોર્ડનથી અહીં આવી પહોંચયા હતા. ત્રણ દેશોની હાલની યાત્રામાં આ તેમનો બીજો પડાવ છે.

લોકસભાએ વીમા ક્ષેત્રમાં એફડીઆઈ 100 ટકા સુધી વધારવા માટે બિલ પસાર કર્યું

હાલ સીધા વિદેશી રોકાણની મર્યાદા ૭૪ ટકા છે તે વધીને ૧૦૦ ટકા થશે

વિપક્ષના વિરોધો વચ્ચે ખરડો પસાર

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) લોકસભાએ મંગળવારે વીમા ક્ષેત્રમાં એફડીઆઈ 100 ટકા સુધી વધારવા માટે એક બિલ પસાર કર્યું હતું, જેનો હેતુ 2047 સુધીમાં બધાને વીમો પૂરો પાડવાનો છે.

લોકસભામાં 'સબકા બીમા સબકી રક્ષા' (વીમા કાયદામાં સુધારો) બિલ, 2025 પર ચર્ચાનો જવાબ આપતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, વધુ એફડીઆઈ ઉદ્યોગમાં વધુ ખેલાડીઓને આકર્ષિત કરશે અને વીમા પોલિસીઓ વધુ સસ્તી બનશે.

નાણામંત્રીએ ઉમેર્યું હતું કે, ''મોનોપોલીથી આપણને તે લાભ મળતો નથી અને તેથી, સ્પર્ધા જેટલી વધુ હશે, દર તેટલા જ સારા હશે.'' મંત્રીએ કહ્યું, ''અમારી સરકારે જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓને મજબૂત બનાવવાને બીજી પ્રાથમિકતા આપી છે... 2014થી અમે તેમના નાણાકીય સ્વાસ્થ્યને સુધારવા માટે ઘણુંબધું કરી રહ્યા છીએ.'' સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) બિલ, ૨૦૨૫, વીમા અધિનિયમ, ૧૯૩૮, જીવન વીમા નિગમ અધિનિયમ, ૧૯૫૬ અને વીમા નિયમનકારી અને વિકાસ સત્તા અધિનિયમ, ૧૯૯૯માં સુધારા થશે. બિલ અનુસાર, આ સુધારાનો હેતુ વીમા ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણ (એફડીઆઈ) મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાનો છે. તે વીમા કંપની સાથે બિન-વીમા કંપનીના મર્જર માટેનો માર્ગ પણ મોકળો કરે છે. સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) બિલ, ૨૦૨૫ને શુક્રવારે કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી મળી ગઈ છે. આ બિલનો હેતુ વીમા ક્ષેત્રના ગ્રોથ અને ડેવલપમેન્ટને વેગ આપવા અને પોલિસીધારકોનું વધુ સારું રક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.

રૂપિયો ગગડવાનું ખાસ કારણ ભારત-અમેરિકા વેપાર સોદામાં વિલંબ હોવાનું જણાવતા નિષ્ણાતો

ઘટતા રૂપિયાને અટકાવવા માટે આરબીઆઇ હસ્તક્ષેપ કરે છે, પણ તાજેતરમાં આરબીઆઇની નીતિ ચલણને ઘટવા દેવાની રહી છે: નિષ્ણાતો

નવી દિલ્હી,તા. 16: સતત વિદેશી ભંડોળના આઉટફ્લો અને ભારત-યુએસ ટ્રેડ ડીલ અંગેની અનિશ્ચિતતાને કારણે ભારતીય રૂપિયો આજે સર્વકાલીન તળિયે પહોંચ્યો હતો. અમેરિકન ડોલર સામે રૂપિયો 91.03ની નવી ઓલટાઇમ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. ટ્રેડિંગ સેશન દરમિયાન સ્થાનિક ચલણ એક તબક્કે 36 પૈસા ઘટીને 91.14 પર પહોંચી ગયો હતો, જોકે બાદમાં તેમાં નજીવો સુધારો જોવા મળ્યો હતો. ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો અને ડોલર ઇન્ડેક્સમાં નબળાઇ પણ રૂપિયાને ટેકો આપવામાં નિષ્ફળ રહી હતી, કારણ કે બજારમાં ડોલરની માંગ અને ફોરેન ફંડ આઉટફ્લોનું દબાણ ઊંચું હતું.

નિષ્ણાંતોના જણાવ્યા મુજબ રૂપિયાના અવમૂલ્યનને કારણે વિદેશી રોકાણકારોનું આકર્ષણ ઘટ્યું છે. આ કારણે તેઓ ભારતીય બજારમાં વેચી રહ્યા છે. આ વેચાણ એટલું લાંબું છે કે હાલમાં બજારનું સંચાલન કરી રહેલા સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો તેને લાંબા સમય સુધી ટકાવી શકશે નહીં. રૂપિયાની નબળાઇની અસર સોના, ચાંદી, મ્યુચ્યુઅલ ફંડ્સ અને શેરબજાર પર પડી રહી છે.

કોમોડિટી એક્સપર્ટ મોહન છેડા જણાવે છે કે, સોના અને ચાંદીના ભાવમાં વધારો થઇ રહ્યો છે કારણ કે અમેરિકન ડોલર અને ભારતીય રૂપિયો બંને ભારે વેચાણના દબાણ હેઠળ છે. અમેરિકન ડોલર ઇન્ડેક્સ તાજેતરમાં 98ની નીચે સરકી ગયો હતો અને આ સ્તરથી નીચે રહ્યો છે, જ્યારે ભારતીય રૂપિયો મંગળવારે અમેરિકન ડોલર સામે નીચી સપાટીએ પહોંચ્યો હતો. જેના કારણે ભારત અને વિદેશમાં સોના અને ચાંદીની માંગમાં વધારો થયો છે.

જિયોજીત ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ ડો. વી.કે. વિજયકુમારે જણાવ્યું હતું કે, નવેમ્બરના ટ્રેડિંગ ડેટા અપેક્ષા કરતા વધુ સારા હોવાથી આજરોજ રૂપિયો ઘટવાની અપેક્ષા ઓછી હતી, મને લાગે છે કે શોર્ટ પોઝિશનને આવરી લેવું એ આજના ઘટાડાનું એક કારણ હોઇ શકે છે. એફઆઇઆઈનું વેચાણ એક ખરાબ ચક્રની જેમ કામ કરી રહ્યું છે જે રૂપિયાનું સતત અવમૂલ્યન કરી રહ્યું છે. વિજયકુમારનું કહેવું છે કે સામાન્ય રીતે જ્યારે રૂપિયો ઘટે છે ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ડોલરને વેચીને રૂપિયાના ઘટાડાને રોકવા માટે હસ્તક્ષેપ કરે છે, પરંતુ તાજેતરમાં આરબીઆઇની નીતિ ચલણને ઘટાડવા દેવાની રહી છે. બજાર નિષ્ણાતો કહે છે કે આજે પણ રૂપિયામાં રેકોર્ડ ઘટાડો જોવા મળ્યો હતો. રૂપિયો જે પ્રકારે એકપક્ષીય રીતે વધઘટ થયો છે તે જોતા સ્વાભાવિક છે કે આરબીઆઇ પણ આવું જ વલણ અપનાવી શકે. નિષ્ણાંતોનું કહેવું છે કે બજારમાં વધુ અવમૂલ્યનની સંભાવના વધવાની સાથે આરબીઆઇના હસ્તક્ષેપની સંભાવના વધી રહી છે. આજે ભારતીય ચલણ પ્રથમ વખત અમેરિકન ડોલર સામે 91ના આંકડાથી નીચે આવી ગયું હતું, જે આખો દિવસ 0.3 ટકાનો ઘટાડો હતો. જ્યારે અન્ય એશિયન ચલણો ગયા મહિનાથી મજબૂતી જોઇ રહ્યા છે.

મેસ્સી ઈવેન્ટમાં અરાજકતા: બંગાળના રમતગમત મંત્રીએ રાજીનામું આપ્યું

રાજ્યના ડીજીપી અને અન્યોને 'ગેરવ્યવસ્થા' માટે કારણદર્શક નોટિસ

કોલકાતાના એક ડીસીપી સસ્પેન્ડ

કોલકાતા, તા. 16 (પીટીઆઈ) સોલ્ટ લેક સ્ટેડિયમમાં આર્જેન્ટિનાના દિગ્ગજ લિયોનેલ મેસ્સીની ફૂટબોલ ઈવેન્ટમાં દર્શકોના વ્યાપક તોડફોડના બે દિવસ પછી મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે રમતગમત મંત્રીનું રાજીનામું સ્વીકારી લીધું હતું, જ્યારે રાજ્ય સરકારે ડીજીપી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને કારણદર્શક દર્શાવો નોટિસ ફટકારી હતી અને એક ડેપ્યુટી કમિશનરને સસ્પેન્ડ કર્યા હતા.

રમતગમત મંત્રી અરૂપ બિશ્વાસે બેનર્જીને રાજીનામું સોંપી દીધું છે, એ રાજીનામાપત્ર તેમના પક્ષના સાથી કુણાલ ઘોષ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો.

સ્ટેડિયમમાં થયેલી અરાજકતા બાદથી જ બિશ્વાસ વિવાદોમાં છે. કારણ કે, તેમના પર આરોપ છે કે, મેસ્સી અને તેમના સાથીદારો સાથે પિચ પર તેમની ઉપસ્થિતિના કારણે ગેલેરીઓમાંથી જોનારાઓ જોઈ શક્યા ન હતો.

કોરા કાગળ પર લખાયેલા 15 ડિસેમ્બરના પત્રમાં બિશ્વાસે રાજ્ય સરકારે શરૂ કરેલી 'નિષ્પક્ષ તપાસ' માટે રમતગમત વિભાગના હવાલાથી મુક્તિ માંગી હતી.

મંગળવારે મુખ્યમંત્રીએ રમતગમત મંત્રીની ભાવના અને ઈરાદાની પ્રશંસા કરી હતી અને જાહેરાત કરી કે, ''તપાસ પૂરી ન થાય ત્યાં સુધી રમતગમત વિભાગ મુખ્યમંત્રી ખુદ સંભાળશે.

ચાલુ વર્ષમાં ભારત-બાંગ્લાદેશ સરહદે ૧૧૦૦ ઘૂસણખોરીના પ્રયાસો, ૨૫૦૦થી વધુની ધરપકડ

૨૦૧૪ થી, ભારતની સરહદો પર ૮,૫૦૦ થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો શોધી કાઢવામાં આવ્યા છે, જ્યારે ૨૦,૮૦૦થી વધુ ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી છે

સૌથી વધુ ઘૂસણખોરી બાંગ્લાદેશમાંથી જ થાય છે, પાકિસ્તાન સરહદેથી આ સમયગાળામાં ઘૂસણખોરીના ૪૨૦ બનાવો

નવી દિલ્હી, તા. ૧૬(પીટીઆઈ): મંગળવારે લોકસભામાં સરકારે આપેલા આંકડા મુજબ, જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારત-બાંગ્લાદેશ સરહદ પર સૌથી વધુ ૧,૧૦૦ ઘૂસણખોરીના પ્રયાસો અને ૨,૫૦૦ થી વધુ ધરપકડો જોવા મળી હતી.

ઉપરાંત, બાંગ્લાદેશ સાથેની સરહદના ૭૯.૦૮ ટકા અને પાકિસ્તાન સાથેની સરહદના ૯૩.૨૫ ટકા પર વાડ કરવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે એક લેખિત જવાબમાં બાંગ્લાદેશ, ચીન, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન અને મ્યાનમાર સાથેની ભારતીય સરહદો પર ઘૂસણખોરીના પ્રયાસો અને ધરપકડ અંગે માહિતી આપી હતી. આ આંકડા દર્શાવે છે કે ૨૦૨૫ ના પ્રથમ ૧૧ મહિના દરમિયાન ભારત-બાંગ્લાદેશ સરહદ પર ૧,૧૦૪ ઘૂસણખોરીના પ્રયાસો શોધી કાઢવામાં આવ્યા હતા, જ્યારે તે જ સમયગાળા દરમિયાન ૨,૫૫૬ ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી હતી, જે બધી સરહદોમાં સૌથી વધુ છે. ભારત-ચીન સરહદ પર ઘૂસણખોરીના કોઈ કેસ નોંધાયા નથી, એમ મંત્રીએ જણાવ્યું હતું.

વ્યાપક ચિત્ર આપતાં રાયે જણાવ્યું હતું કે ૨૦૧૪ થી, ભારતની સરહદો પર ૮,૫૦૦ થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો શોધી કાઢવામાં આવ્યા છે, જ્યારે ૨૦,૮૦૦થી વધુ ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી છે. ભારત-બાંગ્લાદેશ સરહદ, જે ૪,૦૯૬.૭૦ કિમી લાંબી છે, તે આ કેસોમાં મોટાભાગનો હિસ્સો ધરાવે છે, જેમાં ૨૦૧૪ થી ૨૦૨૪ દરમિયાન ૭,૫૦૦ થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો અને ૧૮,૮૦૦ થી વધુ ધરપકડો નોંધાઈ છે. 2,289.66 કિમી લાંબી ભારત-પાકિસ્તાન સરહદ પર, 2014 થી લગભગ 420 ઘૂસણખોરીના પ્રયાસો શોધી કાઢવામાં આવ્યા છે, જેમાં લગભગ 560 ધરપકડો નોંધાઈ છે. 1,643 કિમી લાંબી ભારત-મ્યાનમાર સરહદ પર આ જ સમયગાળા દરમિયાન 290 થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો અને લગભગ 1,150 ધરપકડો નોંધાઈ છે. ભારત-નેપાળ અને ભારત-ભૂતાન સરહદો પર મળીને લગભગ 160 ઘૂસણખોરીના પ્રયાસો અને લગભગ 260 ધરપકડો નોંધાઈ છે એમ જવાબમાં જણાવાયું છે.

મધ્ય મેક્સિકોમાં નાનું વિમાન ક્રેશ થતાં ઓછામાં ઓછા 7 લોકોનાં મોત

મેક્સિકો સિટી, તા. 16 (એપી) સોમવારે મધ્ય મેક્સિકોમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરતી વખતે એક નાનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયાં હતાં. એમ મેક્સિકો સ્ટેટ સિવિલ પ્રોટેક્શન કોઓર્ડિનેટર એડ્રિયન હર્નાન્ડેઝે જણાવ્યું હતું. આ અકસ્માત મેક્સિકો સિટીથી લગભગ 31 માઇલ (50 કિલોમીટર) પશ્ચિમમાં આવેલા ટોલુકા એરપોર્ટથી ત્રણ માઇલ (5 કિલોમીટર) દૂર ઔદ્યોગિક વિસ્તાર સાન માટો એટેન્કોમાં થયો હતો. વિમાને મેક્સિકોના પેસિફિક કિનારા પર આવેલા એકાપુલ્કોથી ઉડાન ભરી હતી. હર્નાન્ડેઝે જણાવ્યું હતું કે, ખાનગી જેટમાં આઠ મુસાફરો અને બે ક્રૂ સભ્યો સવાર હતા, પરંતુ ક્રેશ થયાના કલાકો પછી ફક્ત સાત મૃતદેહો જ મળી આવ્યા હતા. હર્નાન્ડેઝે કહ્યું હતું કે, વિમાને એક ફૂટબોલ મેદાન પર ઉતરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નજીકના વ્યવસાયની એક ધાતુની છત સાથે અથડાયું જેનાથી તેમાં મોટી આગ લાગી હતી. દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે.

ભારત અને ઈઝરાયલ આતંકવાદ સામે 'શૂન્ય સહિષ્ણુતાની નીતિ' ધરાવે છે: જયશંકર

ઇઝરાયેલ ગયેલા વિદેશ મંત્રીએ પોતાના ઇઝરાયેલી સમકક્ષ સાથે વાતચીત કરી, સિડની હુમલાને વખોડ્યો

જેરુસલેમ, તા. 16 (પીટીઆઈ) વિદેશ મંત્રી એસ જયશંકરે મંગળવારે સિડનીના બોન્ડી બીચ પર હનુક્કા ઉજવણી દરમિયાન થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતાં કહ્યું હતું કે, ભારત અને ઈઝરાયલ બંને આતંકવાદ સામે 'શૂન્ય સહિષ્ણુતા'ની નીતિ ધરાવે છે. મંગળવારે બે દિવસની મુલાકાતે ઈઝરાયલ પહોંચેલા જયશંકરે અહીં તેના ઈઝરાયલી સમકક્ષ ગિદિયોન મોશે સા'ર સાથે પ્રેસને સંબોધન કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

જયશંકરે કહ્યું, ''સૌ પ્રથમ, હું બોન્ડી બીચ પર હનુક્કા ઉજવણીમાં થયેલા આતંકવાદી હુમલામાં થયેલા જાનહાનિ પર ખૂબ જ નિષ્ઠાવાન, ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. હું કહેવા માંગુ છું કે, અમે તેની શક્ય તેટલી કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ.''

જયશંકરે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ટેકો આપવા બદલ ઈઝરાયલનો આભાર માન્યો હતો. રવિવારે યહૂદી તહેવાર હનુક્કા બાય ધ સી ઉજવણી દરમિયાન એક મેળાવડા પર બે બંદૂકધારીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ઓછામાં ઓછા 15 લોકો માર્યા ગયા હતા અને 40 ઘાયલ થયા હતા.

જયશંકરે કહ્યું હતું કે, ''ભારત અને ઈઝરાયલની વાત કરીએ તો અમે બંને એવા દેશો છીએ જેમની આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ છે. અમે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામેની અમારી લડાઈમાં તમારા સતત સમર્થનની અમે પ્રશંસા કરીએ છીએ.''